| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખઃ | ૨૦/૦૬/૨૦૧૧ | | |
| નોંધ્યા તારીખઃ | ૨૦/૦૬/૨૦૧૧ | | |
| ફેસલ તારીખઃ | ૨૦/૦૬/૨૦૨૬ | | |
| સમયગાળોઃ | વર્ષ | માસ | દિવસ |
| | ૧૫ | ૦૦ | ૦૦ |

**મહે. ઓલપાડના એડીશ્નલ સીનીયર સીવીલ જજ અને એડીશ્નલ ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં.**

**ફોજદારી કેસ નં.૯૪૯/૨૦૧૧**
**આંકઃ**

ફરીયાદી : સ ર કા ર શ્રી.
(ઓલપાડ પો.સ્ટે. ફસ્ટ ૬૬/૨૦૧૧)

**વિ રૂ ધ્ધ**

આરોપી : શક્તિસિંહ ભોજરાજસિંહ રાણા
રહે. ટોપહીલ સોસા., મકાન નં.સી/૧૯,
ગાર્ડન રોડ, તા.જી.ભુજ (કચ્છ)

| | | |
|---|---|---|
| ફરીયાદી તરફે | : | એ.પી.પી.શ્રી. કે.આર.ભુંગળ |
| આરોપી નં.૩ તરફે | : | વિ.વ.શ્રી બી.એસ.ચોલેરા. |

**ગુનોઃ- ઈ.પી.કો.કલમ-૩૯૪, ૧૧૪ મુજબ.**

**-: ચુ કા દોઃ-**

**(૧)** ફરીયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, અગાઉ પકડાયેલ આરોપી મોઈનઅલી ફૈજલઅલી સૈયદ તથા સદર કામના આરોપી

તા.૯/૪/૨૦૧૦ ના રોજ સુરત મુકામે આવેલ હેમંત ટ્રાવેલ્સમા ફોન નંબર ૯૮૨૫૧૩૯૪૭૪ ઉપર અગાઉ પકડાયેલ આરોપી મોઈનઅલી ફૈજલઅલી સૈયદનાઓએ પોતાની પાસેના મોબાઈલ નંબર-૯૭૨૪૮૨૯૪૭૪ ઉપરથી ફોન કરી હાંસોટ જવા માટે ફરી.ની ઈનોવા ગાડી નંબર-MH-15-E-7048 ની મંગાવી ઈનોવા ગાડીમા ફરીયાદીની સાથે સુરતથી નિકળી હાંસોટ તરફ જતા તા.૯/૪/૨૦૧૦ કલાક ૨૦-૦૦ વાગ્યાના અરસામાં મહંમદપોરથી ભટગામ જવાના દાંડી હેરીટેજ માર્ગ ઉપર અર્ધા કિ.મી.અંદર ઈનોવા ગાડી લઈ જઈ ફરીયાદીને ગળામાંથી પકડી સદર કામના આરોપીનાએ ચપ્પુ બતાવી ફરીયાદીના ખિસ્સામાંથી નોકીયા કંપનીનો મોબાઈલ ફોન મોડલ નંબર-૨૬૦૦ કિંમત રૂ.૨૦૦૦/- તથા રોકડ રૂ.૪,૦૦૦/- તથા ઈનોવા ગાડી કિંમત રૂ.૭,૦૦,૦૦૦/- મળી કુલ રૂ.૭,૦૬,૦૦૦/- ના મત્તાની એકબીજાની મદદથી લુંટ કરી નાશી જઈ લુંટ કરેલ ગાડી નિકાલ કરવા માટે અગાઉ પકડાયેલ આરોપી મોઈનઅલી ફૈજલઅલી સૈયદનાએ અગાઉ પકડાયેલ આરોપી સીકંદર S/o.અનવરભાઈ ઉમરભાઈ કુરેશીને આપી અને તેમણે ઈન્નોવા ગાડી સદર કામના આરોપીને આપી તથા અગાઉ પકડાયેલ આરોપી ઝીયાઉદ્દીન નિઝામુદ્દીન સૈયદનાઓએ ગુનો કરવા માટે મોબાઈલનું નવુ સીમકાર્ડ ખરીદવા પોતાની પાસે રાખેલ સાહેદ બીપીનભાઈ બેચરભાઈ રામાણીનાઓનો ફોટો તથા મતદાન કાર્ડની ઝેરોક્ષ સાહેદની જાણ બહાર અગાઉ પકડાયેલ આરોપી મોઈનઅલી ફૈજલઅલી સૈયદને આપી અને તેમણે તે ડોકયુમેન્ટ આધારે મોબાઈલનું નવુ સીમકાર્ડ નંબર-૯૭૨૪૮૨૯૪૭૪ નું ખરીદી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી સદર કામના આરોપીએ લુંટમાં ગયેલ ઈન્નોવા ગાડી ચાર્જશીટની કોલમ નં. ૨ મા બતાવેલ આરોપી નં.૨ નાઓને આપી પોતે પકડાઈ જઈ ઈ.પી.કો. કલમ-૩૯૪, ૧૧૪ અન્વયેનુ ગુનાહીત કૃત્ય કરેલ હોય, ગુનો કર્યાની ફરીયાદ ઓલપાડ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ અને તેની તપાસ કરનાર અમલદારને સોંપવામાં આવેલી, જેથી ત.ક.અમલદારે આ કામે લાગતા વળગતા સાહેદોના નિવેદનો નોંધી તેમજ ગુનાવાળી જગ્યાનું પંચનામું કરી આ કામે આરોપી સામે પુરતો પુરાવો જણાતાં હાલનું ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

**(૨)** સદર કામના આરોપી સામે વારંવાર સમન્સ/વોરંટ કાઢવા છતા તપાસ એજન્સી દ્વારા સદર આરોપીને સમન્સની બજવણી કરવામાં નિષ્ફળ રહેલ હોય અને જેના કારણે ફરીયાદ પક્ષને પુરાવો રજુ કરવામાં વિલંબ જણાતો હોય તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલક નંબર સી.૨૬૧૮/૧૬ તા.૫/૭/૧૬ અન્વયે આ કામે આરોપી સામેની કાર્યવાહી સી.આર.પી.સી. કલમ-૨૯૯ (૧) અન્વયે તેઓની ગેરહાજરીમાં આગળ ચલાવવામાં આવેલ છે.

**(૩)** ફરીયાદ પક્ષે પુરાવાઓ નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**-: મૌખિક પુરાવો:-**

| અ.નં. | આંક | ફરીયાદી/સાહેદોની વિગત. |
|---|---|---|
| (૧) | ૧૩ | પંચ સાહેદ વિરેન્દ્રસિંહ દીલીપસિંહ રાઠોડની જુબાની. |
| (૨) | ૧૫ | પંચ સાહેદ અભીજીતસિંહ વિજયસિંહ ચૌહાણની જુબાની. |
| (૩) | ૨૧ | ફરીયાદી ધનજંયસિંહ રામઆધારસિંહ રાજપુતની જુબાની. |

**-: દસ્તાવેજી પુરાવાઓ :-**

| અ.નં. | આંક | દસ્તાવેજની વિગત. |
|---|---|---|
| (૧) | ૧૪ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. |
| (૨) | ૨૨ | ફરીયાદ. |
| (૩) | ૨૩ | કલોઝીંગ પુરસીસ. |

**(૪)** આરોપી સામે સી.આર.પી.સી કલમ-૨૯૯ (૧) અન્વયે આરોપીની ગેરહાજરીમાં કેસ ચલાવવાનો હુકમ કરેલ હોય તેમજ આરોપી સામે વિશેષ નિવેદન નોંધવા જેટલો પુરાવો રજુ થયેલ ન હોય, સદર કામે આરોપીનું સી.આર.પી.સી. કલમ-૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**(૫)** ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ તેઓની મૌખિક દલીલમા એવી રજુઆત કરેલ છે કે, આ કામમા તપાસાયેલા સાહેદોની

જુબાનીથી ફરીયાદ હકીકતો પુરવાર થાય છે જે ધ્યાને લઈ યોગ્ય તે હુકમ કરવા વિનંત કરેલ છે.

(૬) રજુ થયેલ પુરાવો અને દલીલો ધ્યાને લેતાં કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષે એ હકીકત નિઃશંકપણે પુરવાર કરે છે કે, અગાઉ પકડાયેલ આરોપી મોઈનઅલી ફૈજલઅલી સૈયદ તથા સદર કામના આરોપી તા.૯/૪/૨૦૧૦ ના રોજ સુરત મુકામે આવેલ હેમંત ટ્રાવેલ્સમા ફોન નંબર ૯૮૨૫૧૩૯૪૭૪ ઉપર અગાઉ પકડાયેલ આરોપી મોઈનઅલી ફૈજલઅલી સૈયદનાઓએ પોતાની પાસેના મોબાઈલ નંબર-૯૭૨૪૮૨૯૪૭૪ ઉપરથી ફોન કરી હાંસોટ જવા માટે ફરી.ની ઈનોવા ગાડી નંબર-MH-15-E-7048 ની મંગાવી ઈનોવા ગાડીમા ફરીયાદીની સાથે સુરતથી નિકળી હાંસોટ તરફ જતા તા.૯/૪/૨૦૧૦ કલાક ૨૦-૦૦ વાગ્યાના અરસામાં મહંમદપોરથી ભટગામ જવાના દાંડી હેરીટેજ માર્ગ ઉપર અર્ધા કિ.મી.અંદર ઈનોવા ગાડી લઈ જઈ ફરીયાદીને ગળામાંથી પકડી સદર કામના આરોપીનાએ ચપ્પુ બતાવી ફરીયાદીના ખિસ્સામાંથી નોકીયા કંપનીનો મોબાઈલ ફોન મોડલ નંબર-૨૬૦૦ કિંમત રૂા.૨૦૦૦/- તથા રોકડ રૂા.૪,૦૦૦/- તથા ઈનોવા ગાડી કિંમત રૂા.૭,૦૦,૦૦૦/- મળી કુલ રૂા.૭,૦૬,૦૦૦/- ના મત્તાની એકબીજાની મદદથી લુંટ કરી નાશી જઈ લુંટ કરેલ ગાડી નિકાલ કરવા માટે અગાઉ પકડાયેલ આરોપી મોઈનઅલી ફૈજલઅલી સૈયદનાએ અગાઉ પકડાયેલ આરોપી સીકંદર S/o.અનવરભાઈ ઉમરભાઈ કુરેશીને આપી અને તેમણે ઈન્નોવા ગાડી સદર કામના આરોપીને આપી તથા અગાઉ પકડાયેલ આરોપી ઝીયાઉદ્દીન નિઝામુદ્દીન સૈયદનાઓએ ગુનો કરવા માટે મોબાઈલનું નવુ સીમકાર્ડ

ખરીદવા પોતાની પાસે રાખેલ સાહેદ બીપીનભાઈ બેચરભાઈ રામાણીનાઓનો ફોટો તથા મતદાન કાર્ડની ઝેરોક્ષ સાહેદની જાણ બહાર અગાઉ પકડાયેલ આરોપી મોઈનઅલી ફૈજલઅલી સૈયદને આપી અને તેમણે તે ડોકયુમેન્ટ આધારે મોબાઈલનું નવુ સીમકાર્ડ નંબર– ૯૭૨૪૮૨૯૪૭૪ નું ખરીદી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી સદર કામના આરોપીએ લુંટમાં ગયેલ ઈન્નોવા ગાડી ચાર્જશીટની કોલમ નં. ૨ મા બતાવેલ આરોપી નં.૨ નાઓને આપી પોતે પકડાઈ જઈ ઈ.પી.કો. કલમ–૩૯૪, ૧૧૪ મુજબનો ગુનો કરેલ છે?

૨. શું હુકમ?

**(૭)** ઉપરોક્ત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) આખરી હુકમ મુજબ.

**// <u>કા ર ણો</u> //**

**<u>મુદ્દા નં.૧ :</u>–**

**(૮)** ફરીયાદપક્ષે ફરીયાદની હકીકતના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જે અનુસાર ફરીયાદપક્ષે આંક–૧૩ થી પંચ સાહેદ વિરેન્દ્રસિંહ દીલીપસિંહ રાઠોડનાઓને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, આજથી આઠ દસ વર્ષ પહેલા પોલીસે તેઓને રસ્તા ઉપર ઉભો રખાવી તૈયાર કાગળ પર સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. તેઓને અસલ પંચનામું બતાવવામાં આવે છે જે આંક–૧૪ થી રજુ છે. આ સિવાય તેઓ બીજું કાંઈ જાણતા નથી કે ભટગામ ગામે ગયેલ નથી.

સદર સાહેદ પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય સદર પંચ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓએ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

સદરહુ પંચ સાહેદની આરોપી તરફે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૮.૧) ફરીયાદપક્ષે આંક–૧૫ થી પંચ સાહેદ અભીજીતસિંહ વિજયસિંહ ચૌહાણનાઓને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, આજથી આઠ દસ વર્ષ પહેલા પોલીસે તેઓને રસ્તા ઉપર ઉભો રખાવી તૈયાર કાગળ પર સહી કરવાનું કહેતા તેઓએ સહી કરેલી. તેઓને આંક–૨૪ વાળુ અસલ પંચનામું બતાવવામાં આવે છે જેમા પંચ નં.૧ તરીકે તેઓની સહી છે જે તેઓ ઓળખે છે. આ સિવાય તેઓ બીજું કાંઈ જાણતા નથી કે ભટગામ ગામે ગયેલ નથી.

સદર સાહેદ પંચનામાની હકીકતને સમર્થન આપતા ન હોય સદર પંચ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓએ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

સદરહુ પંચ સાહેદની આરોપી તરફે કોઈ ઉલટતપાસ કરવામાં આવેલ નથી.

(૮.૨) ફરીયાદપક્ષે આંક–૨૧ થી ફરીયાદી ધનંજયસિંહ રામઆધારસિંહ રાજપુતનાઓને તપાસવામાં આવેલ છે, તેઓએ તેમના સોગંદ પરના પુરાવામાં જણાવેલ છે કે, બનાવ સને–૨૦૧૦ માં બનેલો. બનાવ સમયે તેઓ હેમંતભાઈ ખાટીવાલાને ત્યાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા અને આ બનાવના નવ–દસ મહિના પહેલાથી તેઓ એમ.એચ.૧૫–ઈ–૭૦૪૮ નંબરની ઈનોવા ગાડી ચલાવતો હતો અને તેઓના લાયસન્સ નં.૦૪૪૫/૦૩/GJ05 જે 2011 સુધી રીન્યુ થયેલુ હતુ અને બનાવ વખતે તેઓનો પગાર રૂા.૪૨૦૦/- હતો. બનાવના દિવસે તેઓ તેમની ટ્રાવેલ્સની ઓફીસે નોકરી પર હાજર હતા ત્યારે તેઓના શેઠ હેમંતભાઈએ તેઓને કહેલ કે, ઉધના દરવાજા પાસે એમ્પાયર સ્ટ્રીટ આગળ બે માણસો ઉભેલા છે તેમને લઈને હાંસોટ જવાનુ છે અને હાંસોટથી તે માણસોને પરત લઈને આવવાનું છે તેવુ જણાવતા તેઓ સફેદ કલરની ઈનોવા ગાડી જેનો રજી. નં.

એમ.એચ.૧૫–ઈ–૭૦૪૮ લઈને એમ્પાયર સ્ટ્રીટ આગળ પહોંચેલા ત્યાં એક ઈસમ ઉભેલો હતો જે મજબુત બાંધાનો અને ઘઉં વર્ણનો હતો તે માણસ તેઓની બાજુની સીટ ઉપર બેસેલો અને બીજો ઈસમ દાદર પાસેથી બહાર આવી ગાડીની પાછળની શીટ પર બેસી ગયેલો જે પણ મજબુત બાંધાનો અને ગોરો હતો. તેમની અને ફરીયાદી વચ્ચે ગાડી ચલાવવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. આ સિવાય બીજુ કંઈ બનેલ નથી. બનાવ અંગે તેઓએ ફરીયાદ આપેલી. તેઓને અસલ ફરીયાદ બતાવવામાં આવે છે તે જોઈને કહે છે કે તેમા તેઓની સહી રહેલી છે જે તેઓ ઓળખી બતાવે છે જે આંક–૨૨ થી રજુ છે.

સદર ફરીયાદી ફરીયાદમા જાહેર કરેલ આરોપી સામેના આક્ષેપીત ગુના અન્વયેની હકીકતને સમર્થન આપતા ન હોય સદર ફરીયાદી ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે અને ત્યારબાદ ફરીયાદપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસમાં પણ તેઓએ ફરીયાદ હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

ફરીયાદ પક્ષે ઉપરોકત મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરેલ છે.

**<u>–: તારણ :–</u>**

(૯) ઉપરોકત બંને પક્ષકારોની રજુઆત, રેકર્ડ ઉપર રજુ થયેલ પુરાવા વંચાણે લીધા. તે સાથે ફોજદારી કાર્યવાહીમાં કરવામાં આવેલ પુરાવાના મુલ્યાંકન વિશે જોઈએ તો, કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે, ફરીયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપિત ગુનાની હકીકતનોને નિઃશંકપણે પુરવાર કરવી પડે. જેથી ફરીયાદ પક્ષના પુરાવાથી સ્પષ્ટ પુરવાર થવુ જોઈએ કે, આરોપીએ જે ગુનો કરેલ છે અને ફરીયાદપક્ષને પોતાના કેસની હકીકતો પુરવાર કરવા માટે કેટલા સાહેદોને તપાસેલા છે તે સાહેદોની સંખ્યા મહત્વની નથી. પરંતુ જો ફરીયાદપક્ષના એકપણ સાહેદ ફરીયાદપક્ષના કેસની હકીકતોને પુરવાર કરતા હોય અને આરોપીએ ગુનો કરેલ હોવાનુ પુરવાર કરતા હોય તથા તેવા સાહેદ વિશ્વસનીય અને આધાર રાખવા લાયક હોય તો તે

પુરતુ છે, પરંતુ જો ફરીયાદી પક્ષના કેસની હકીકતો ઉપર વ્યાજબી શંકા ઉભી થાય તો તેનો લાભ બચાવપક્ષને મળવાપાત્ર છે.

(૧૦) આ કામના આરોપી સામે અગાઉ પકડાયેલ આરોપી મોઈનઅલી ફૈજલઅલી સૈયદ તથા સદર કામના આરોપી તા.૯/૪/૨૦૧૦ ના રોજ સુરત મુકામે આવેલ હેમંત ટ્રાવેલ્સમા ફોન નંબર ૯૮૨૫૧૩૯૪૭૪ ઉપર અગાઉ પકડાયેલ આરોપી મોઈનઅલી ફૈજલઅલી સૈયદનાઓએ પોતાની પાસેના મોબાઈલ નંબર–૯૭૨૪૮૨૯૪૭૪ ઉપરથી ફોન કરી હાંસોટ જવા માટે ફરી.ની ઈનોવા ગાડી નંબર–MH-15-E-7048 ની મંગાવી ઈનોવા ગાડીમા ફરીયાદીની સાથે સુરતથી નિકળી હાંસોટ તરફ જતા તા.૯/૪/૨૦૧૦ કલાક ૨૦–૦૦ વાગ્યાના અરસામાં મહંમદપોરથી ભટગામ જવાના દાંડી હેરીટેજ માર્ગ ઉપર અર્ધા કિ.મી.અંદર ઈનોવા ગાડી લઈ જઈ ફરીયાદીને ગળામાંથી પકડી સદર કામના આરોપીનાએ ચપ્પુ બતાવી ફરીયાદીના ખિસ્સામાંથી નોકીયા કંપનીનો મોબાઈલ ફોન મોડલ નંબર–૨૬૦૦ કિંમત રૂ.૨૦૦૦/– તથા રોકડ રૂ.૪,૦૦૦/– તથા ઈનોવા ગાડી કિંમત રૂ.૭,૦૦,૦૦૦/– મળી કુલ રૂ.૭,૦૬,૦૦૦/– ના મત્તાની એકબીજાની મદદથી લુંટ કરી નાશી જઈ લુંટ કરેલ ગાડી નિકાલ કરવા માટે અગાઉ પકડાયેલ આરોપી મોઈનઅલી ફૈજલઅલી સૈયદનાએ અગાઉ પકડાયેલ આરોપી સીકંદર S/o.અનવરભાઈ ઉમરભાઈ કુરેશીને આપી અને તેમણે ઈન્નોવા ગાડી સદર કામના આરોપીને આપી તથા અગાઉ પકડાયેલ આરોપી ઝીયાઉદ્દીન નિઝામુદ્દીન સૈયદનાઓએ ગુનો કરવા માટે મોબાઈલનું નવુ સીમકાર્ડ ખરીદવા પોતાની પાસે રાખેલ સાહેદ બીપીનભાઈ બેચરભાઈ રામાણીનાઓનો ફોટો તથા મતદાન કાર્ડની ઝેરોક્ષ સાહેદની જાણ બહાર અગાઉ પકડાયેલ આરોપી મોઈનઅલી ફૈજલઅલી સૈયદને આપી અને તેમણે તે ડોકયુમેન્ટ આધારે મોબાઈલનું નવુ સીમકાર્ડ નંબર–૯૭૨૪૮૨૯૪૭૪ નું ખરીદી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી સદર કામના આરોપીએ લુંટમાં ગયેલ ઈન્નોવા ગાડી ચાર્જશીટની કોલમ નં. ૨ મા બતાવેલ આરોપી નં.૨ નાઓને આપી પોતે પકડાઈ ગયેલ હોવાનો આક્ષેપ છે.

**(૧૧)** આરોપીઓ સામેના ગુનાની જોગવાઈ ધ્યાને લેતાં આ તબક્કે ઈ.પી.કો. કલમ–૩૯૪, ૧૧૪ ધ્યાને લેવી આવશ્યક જણાય આવે છે જે નીચે મુજબ છે.

– **કલમઃ૩૯૪–લૂંટ કરવામાં સ્વેચ્છાપૂર્વક વ્યથા કરવા બાબતઃ**

લૂંટ કરતા અથવા લૂંટ કરવાની કોશિશ કરતાં કોઈ વ્યક્તિ સ્વેચ્છાપૂર્વક વ્યથા કરે તો તેને, અને તેની સાથે લૂંટ કરવામાં અથવા લૂંટ કરવાની કોશિશ કરવામાં સંડોવાયેલી અન્ય વ્યકિતને આજીવન કેદની અથવા દસ વર્ષની મુદત સુધીની સખત કેદની શિક્ષા કરવામાં આવશે અને તે દંડની પણ પાત્ર થશે.

– **કલમઃ૧૧૪–ગુનો કરવામાં આવે ત્યારે દુષ્પ્રેરકની હાજરીઃ**

પોતે હાજર ન હોય અને પોતે કરેલા દુષ્પ્રેરણના પરિણામે કરેલા જે કૃત્ય માટે લુષ્પ્રેરક તરીકે કોઈ વ્યકિત શિક્ષાને પાત્ર થાય એવુ કૃત્ય, પોતાની હાજરીમાં થાય તો તેણે પોતે તે કૃત્ય અથવા ગુનો કર્યો છે એમ ગણાશે.

**(૧૨)** ફરીયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપીત ગુના અંગે રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા ફરીયાદ પક્ષે આંક–૧૩ અને આંક–૧૫ થી તપાસેલ ગુનાવાળી જગ્યાના પંચ સાહેદોએ આંક–૧૪ થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ કરેલ છે પરંતુ રજુ કરેલ પંચનામામાં માત્ર તેઓની સહી ઓળખી બતાવેલ છે જયારે રજુ કરેલ પંચનામાં તેઓની સહી ઓળખી બતાવ્યા સિવાય બીજુ કંઈ જાણતા નહી હોવાનુ તેમજ તેઓ ભટગામ ગામ ગયેલ નહી હોવાનુ અને તૈયાર પંચનામામાં સહી કરેલ હોવાનું જાહેર કરેલ છે. તેમજ પંચનામામાં જણાવેલ હકીકતોને સમર્થનકારક પુરાવો રજુ કરેલ ન હોય સદર બંને પંચ સાહેદો ફરી ગયેલા જાહેર થયેલ છે. સબબ ફરીયાદ પક્ષ ગુનાવાળી જગ્યાના પંચનામાની હકીકતને કાયદાકીય જોગવાઈઓ મુજબ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.

**(૧૨.૧)** ત્યારબાદ ફરીયાદ પક્ષે આંક–૨૧ થી તપાસેલ ફરીયાદી ધનંજયસિંહ રામઆધારસિંહ રાજપુતની જુબાની ધ્યાને લેતા બનાવ સમયે તેઓ હેમંતભાઈ ખાટીવાલાને ત્યાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા અને આ

બનાવના નવ–દસ મહિના પહેલાથી તેઓ એમ.એચ.૧૫–ઈ–૭૦૪૮ નંબરની ઈનોવા ગાડી ચલાવતો હતો અને તેઓના લાયસન્સ નં.૦૪૪૪૫/૦૩/GJ05 જે 2011 સુધી રીન્યુ થયેલુ હતુ અને બનાવ વખતે તેઓનો પગાર રૂા.૪૨૦૦/- હતો. બનાવના દિવસે તેઓ તેમની ટ્રાવેલ્સની ઓફીસે નોકરી પર હાજર હતા ત્યારે તેઓના શેઠ હેમંતભાઈએ તેઓને કહેલ કે, ઉધના દરવાજા પાસે એમ્પાયર સ્ટ્રીટ આગળ બે માણસો ઉભેલા છે તેમને લઈને હાંસોટ જવાનુ છે અને હાંસોટથી તે માણસોને પરત લઈને આવવાનું છે તેવુ જણાવતા તેઓ સફેદ કલરની ઈનોવા ગાડી જેનો રજી. નં. એમ.એચ.૧૫–ઈ–૭૦૪૮ લઈને એમ્પાયર સ્ટ્રીટ આગળ પહોંચેલા ત્યાં એક ઈસમ ઉભેલો હતો જે મજબુત બાંધાનો અને ઘઉં વર્ણનો હતો તે માણસ તેઓની બાજુની સીટ ઉપર બેસેલો અને બીજો ઈસમ દાદર પાસેથી બહાર આવી ગાડીની પાછળની શીટ પર બેસી ગયેલો જે પણ મજબુત બાંધાનો અને ગોરો હતો. તેમની અને ફરીયાદી વચ્ચે ગાડી ચલાવવા બાબતે સામાન્ય બોલાચાલી થયેલી. આ સિવાય બીજુ કંઈ બનેલ નહી હોવાનુ જાહેર કરેલ છે અને આંક–૨૨ થી ફરીયાદ રજુ કરેલ છે. વધુમાં સદર ફરીયાદી ફરીયાદમા જાહેર કરેલ આરોપી સામેના આક્ષેપીત ગુના અન્વયેની હકીકતને સમર્થન આપતા ન હોય સદર ફરીયાદી ફરી ગયેલા સાહેદ જાહેર થયેલ છે. જેથી ફરીયાદીએ રજુ કરેલ પુરાવો ધ્યાને લેતા આંક–૨૨ થી રજુ ફરીયાદની હકીકત અનુસાર આ કામના આરોપી દ્વારા ફરીયાદીને ચપ્પુ બતાવી ફરીયાદીના ખિસ્સામાંથી નોકીયા કંપનીનો મોબાઈલ તથા રોકડ રકમ રૂા.૪,૦૦૦/– તથા ઈનોવા ગાડી આ કામના સહઆરોપીઓની મદદથી લૂંટ કરી નાશી જઈ તેમજ લુંટ કરેલ ફરીયાદીની ઈનોવા ગાડી લઈ જઈ ફરીયાદમા જણાવ્યા મુજબનો ગુનો આચરેલ હોવા બાબતે લેશ માત્ર સમર્થન આપેલ નથી. તેમજ ફરીયાદમા જણાવેલ ઉપરોકત હકીકત અન્વયે ફરીયાદી ફરી ગયેલા જાહેર થયેલ છે. જેથી ફરીયાદીની ઉપરોકત જુબાની અનુસાર આરોપી દ્વારા ફરીયાદીને ચપ્પુ બતાવી મોબાઈલ તથા રોકડ રૂપિયા તેમજ ઈનોવા ગાડી સાથે લુંટ કરેલ હોવાની હકીકતને સમર્થન પ્રાપ્ત કરતો રેકર્ડ પર કોઈ લેખિત કે મૌખિક પુરાવો રજુ કરેલ નથી અને જેથી આરોપી દ્વારા ફરીયાદમા જણાવ્યા

મુજબની લુંટ કરેલ હોવાની ફરીયાદ પક્ષે રજુ કરેલ પુરાવાથી સમર્થન પ્રાપ્ત થતુ નથી. ત્યારે ફરીયાદીની જુબાની આધારે આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય નહી. તેમજ ઉપરોકત રજુ પંચનામાની હકીકતને ધ્યાને લેતાં એક તબકકે સદર પંચનામાની હકીકતો ગ્રાહય રાખવામા આવે તો પણ ફરીયાદીની જુબાનીને ધ્યાને લેતાં આંક–૨૨ ની ફરીયાદ તથા રજુ કરેલ આંક–૧૩ અને આંક–૧૫ ના પંચનામાની હકીકત પુરવાર થતી ન હોય તેવા સંજોગોમાં આરોપીને તરસીરવાન ઠરાવી શકાય નહી. વધુમાં આ કામે ફરીયાદ પક્ષે ઉપરોકત મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કર્યા બાદ ફરીયાદ પક્ષે સદર ગુનાના કામે વધુ પુરાવો આપવા નહી માંગતા હોવાનુ જાહેર કરી પુરાવા બંધની પુરસીસ રજુ કરેલ છે.

**(૧૩)** હાલના કામે તપાસવામાં આવેલ સાહેદોની જુબાની ધ્યાને લેતા આ સિવાય અન્ય કોઈ પુરાવો વિશેષ મહત્વનો રહેતો નથી અને હાલના કામે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો તથા કેસની હકીકતો અને સંજોગો લક્ષમાં લેતા આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટના Sh. Satish mehra vs delhi administaration & anr. ના ચુકાદામા જે દિશા નિર્દેશ કરેલ છે કે, "When the Judge is fairly certain that there is no prospect of the case ending in conviction the valuable time of the Court should not be wasted for holding a trial only for the purpose of formally completing the procedure to pronounce the conclusion on a future date."

જેથી સદર ચુકાદામા સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, કોઈપણ ટ્રોયલના પુરાવા દરમ્યાન કોઈપણ તબકકે જયારે અદાલત એવો અભિપ્રાય આપતી હોય કે આ કામમા હવે પછી વધુ સાક્ષીઓ તપાસવા તે માત્ર ઔપચારિકતા સમાન છે અને આથી વધુ સાક્ષીઓ તપાસવાથી કોઈ વિશેષ પુરાવો આવવા સંભવ નથી તો તેવા સંજોગોમા પુરાવો લેવાનું બંધ રાખવુ જોઈએ અને અદાલતના કિંમતી સમયનો દુવ્યય થતો અટકાવવો જોઈએ. સર્વોચ્ચ અદાલતો ચુકાદો કાળજીપૂર્વક અને સન્માન પૂર્વક વંચાણે લેતા તેમા જે સિધ્ધાંત ઠરાવેલ છે તેનુ હાર્દ એવુ જણાય છે કે, ચાર્જશીટમાં જણાવવામાં આવેલ તમામે તમામ સાક્ષીઓ અનિવાર્ય ન હોય તો તેઓને તપાસવા જરૂરી

નથી. એટલુ જ નહિ, પરંતુ મહત્વના અને ચાવીરૂપ સાક્ષીઓ તપાસાઈ ગયા પછી જો તેઓની જુબાનીના આધારે ભાવી નકકી થઈ શકે તેવુ અદાલતને લાગે તો તે તબકકે વિશેષ સાક્ષીઓ તપાસવા તે ઔપચારિકતા જ છે. આ સિધ્ધાંત હાલના કેસમા પણ જોતા બંધ બેસતો અને યોગ્ય જણાઈ છે અને તે હકીકતે જે ઉપર મુજબ ચર્ચા કરી છે તે જોતા વિશેષ પુરાવો આ કામમા લેવા યોગ્ય જણાયેલ નથી. આમ જે પણ કાંઈ પુરાવો હાલના કેસમા રજૂ થયેલ છે તેના આધારે પણ આરોપીની કસુર કે સંડોવણી હાલના ગુનામાં પુરવાર થતી નથી.

**(૧૪)** વધુમાં સદર કેસનુ સમગ્ર રેકર્ડ ધ્યાને લેતા હાલના આરોપી સામે દાખલ થયેલ ચાર્જશીટ એ પુરવણી ચાર્જશીટ જણાય છે. જયારે આરોપી નં. ૧ થી ૩ સામેની મુખ્ય ચાર્જશીટ ઓલપાડ સીવીલ કોર્ટ અને એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ કોર્ટ ઓલપાડ ખાતે ફોજદારી કેસ નં. ૩૧૭/૨૦૧૧ થી દાખલ થયેલ હોવાનુ હાલના કેસની એફ.આઈ.આર. પરથી સી.આઈ.એસ. મોડલ પરથી તપાસ કરતા સદરહુ કેસ તા.૨૫/૦૯/૨૦૨૫ ના રોજ નામદાર કોર્ટ દ્વાર ફેસલ કરવામાં આવેલ અને તેનો ચુકાદો સી.આઈ.એસ. મોડલ પર અપલોડ કરવામાં આવેલ હોય તેના પરથી અદાલત દ્વારા ચુકાદાની પ્રિન્ટ આઉટ લેવામાં આવેલ અને હાલના કામે આંક–૨૪ થી સામેલ રાખવામાં આવેલ છે. જે સમગ્ર ચુકાદો વંચાણે લેતા આ કામના આરોપી સામે કોઈ પુરાવો રેકર્ડ પર આવેલ નથી અને અદાલત દ્વારા સદરહુ કેસના આરોપીઓને તેઓની સામેના આક્ષેપિત ગુનામાંથી નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ હોવાનુ જણાય છે.

**(૧૫)** આમ, ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવાનો હોય છે કે, જેથી ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોતાં હાથ પરના કેસમાં ફરીયાદ પક્ષે રજુ પુરાવો ધ્યાને લેતાં આરોપી સામેનો આક્ષેપીત ગુનાના મહત્વના તત્વો ફરીયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી. વધુમાં જયુરીશપુડન્સના કાયદાના સિધ્ધાંત અનુસાર ફરીયાદ પસે પોતાનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો રહે છે અને આરોપીએ માત્ર બચાવ કરવાનો છે

તેમજ આરોપી સામે હાલનો કેસ ફોજદારી કેસ છે, ત્યારે ફોજદારી ન્યાયશાસ્ત્રના મુળભુત સિધ્ધાંત મુજબ ફરિયાદપક્ષે આરોપી સામેનો કેસ નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે અને જયાં સુધી આરોપી સામે ગુનો સાબિત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ. વધુમાં ફરિયાદપક્ષ આરોપી સામે જે આક્ષેપ સાબિત કરવા માંગતા હોય તે આક્ષેપ ફરિયાદ પક્ષે તેના સકારાત્મક પુરાવાથી, શંકાથી પર સાબિત કરવુ જોઈએ જે હાથ પરના કેસમાં સાબીત કરી શકેલ ન હોય આ કામના આરોપીને તેઓની સામેના આક્ષેપીત ગુના અન્વયે વ્યાજબી શંકાનો લાભ મળવો ન્યાયોચીત જણાતુ હોય મુદ્દા નં.૧ પરત્વેનો જવાબ નકારમાં ઠરાવી મુદ્દા નં. ૨ અન્વયે ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**– : આખરી હુકમ : –**

(૧) ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮ (૧) અન્વયે ઈ.પી.કો. કલમ– ૩૯૪, ૧૧૪ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી આ કામના આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ ક્રિ.પ્રો.કોડ કલમ–૪૩૭ (એ) અન્વયે અપીલ સમય સુધીના રૂા.૧૦,૦૦૦/– ના જામીન તથા તેટલી રકમના જાત મુચરકા રજુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૨૦/૦૬ /૨૦૨૬ .
સ્થળઃ ઓલપાડ.

(દીપ્તી મૌલિક પંડયા)
એડી.સીની.સીવીલ જજ અને
અડી.ચીફ જયુડી.મેજી.ઓલપાડ.
Code No. GJ-01290